મૂક ધ્વનિ ટ્રસ્ટ સંચાલિત

# શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય , વડોદરા.

ભગીની સમાજ પાછળ , પાણીની ટાંકી રોડ ,કારેલીબાગ,વડોદરા – ૩૯૦૦૧૮

EMAIL ID – kbvidyalaya@gmail.com

સ્થાપના વર્ષ – ૧૯૭૪




# KBV “THE LITTLE HANDS “ ન્યૂઝલેટર



માસિક અંક – ૧ માહે – જૂન – જુલાઈ પ્રસિદ્ધ તા- 15 ઓગસ્ટ ૨૦૨૨ શ્રાવણ વદ – ૪




## દિપક બારોટ, આચાર્ય
## શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય, વડોદરા

અમારી વિદ્યાલયનું માસિક ન્યુઝ લેટર **KBV “The Little Hands “** બહાર પાડવાની આ ઐતિહાસિક ઘડીએ મને ખૂબ જ આનંદ થાય છે. બધિર બાળક એ સર્વ પ્રથમ તો બાળક જ છે. બાળકએ સર્જનાત્મકતા અને પ્રતિભાનો વિશાળ ભંડાળ છે. શાળા એવી જગ્યા છે જ્યાં બાળકોને "હું જોઉ છું, મને સમજાય છે, હું તે કરી શકુ છું ". તે કહેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. શાળાના **CCA** પ્રોગ્રામ દ્વારા શાળાના શિક્ષકો બાળકોની કલ્પનાશક્તિ, સર્જનાત્મકશક્તિ અને કૂતુહલ શક્તિને આનંદદાયક અનુભવો આપી તેઓના સર્વાંગી વિકાસ માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે છે. તેઓને મારી શુભેચ્છાઓ આપુ છું. આ ન્યુઝ લેટર દ્વારા બધિર બાળક કહી શકશે કે તેમના નાના હાથ અજાયબીઓ કરી શકે છે. **NOTHING IS IMPOSSIBLE** કારણે **IMPOSSIBLE = I + M+ POSSIBLE**



## * શુભેચ્છા સંદેશ*
## શ્રી રીકેશ દેસાઈ
## પ્રમુખશ્રી, મૂક ધ્વનિ ટ્રસ્ટ, વડોદરા

મને ખૂબ આનંદ થાય છે કે મૂક ધ્વનિ ટ્રસ્ટ સંચાલિત અમારી શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય, વડોદરા શૈક્ષણિક વર્ષ 2022-23 થી માસિક ન્યૂઝ લેટર **KBV “The Little Hands “** પ્રકાશીત કરી રહ્યું છે. આ ન્યૂઝ લેટરએ બાળકોની તમામ ક્ષેત્રોમાં નિખરતી પ્રતિભા પ્રદર્શિત કરવા માટેનું પ્લેટફોર્મ છે. તે શાળાની સિદ્ધિઓ અને બાળકોના સર્વાંગી વિકાસને પ્રસ્તુત કરે છે. હું શાળાના આચાર્યશ્રી દીપકભાઈ બારોટને અમારી સંસ્થાના "મૂકં કરોતી વાચાલમ ....." શ્લોકની સાર્થકતાને સિદ્ધ કરવા અને શિક્ષણની સાથે બધિર બાળકોના પુન: સ્થાપનના ધ્યેય પ્રાપ્તિની દિશાના અથાગ પ્રયત્નોને બિરદાવું છુ. આ પ્રસંગે તમામ શિક્ષકો-સ્ટાફ અને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન સહ ઉજ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવું છુ. શિક્ષક – વિદ્યાર્થી અને વાલીના ત્રિકોણીય બોંડીંગથી વિદ્યાલયની શ્રેષ્ઠતા તરફની કૂચ માટે શુભેચ્છા વ્યક્ત કરૂં છું.



## * શુભેચ્છા સંદેશ *
## ડૉ. વલ્લભ બી. ભેંસદડીયા
## પૂર્વ નાયબ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત સરકાર – ગાંધીનગર અને સભ્યશ્રી SMC

મૂક ધ્વનિ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય, વડોદરા **KBV “The Little Hands “** ન્યુઝ લેટરશૈક્ષણિક પત્રિકા શરૂ કરી. આ માટે શાળાના આચાર્યશ્રી દિપકભાઈ, સમગ્ર શિક્ષકો-સ્ટાફ-વિદ્યાર્થીઓ અને વાલીઓને ખૂબ જ અભિનંદન પાઠવું છું.

**KBV “The Little Hands “**ના માધ્યમથી શાળાના ગુણવત્તાસભર શિક્ષણ, શાળાકીય સહ અભ્યાસકિય પ્રવૃત્તિ અને શાળાકિય સિધ્ધિની ઝલક પ્રત્યેક મહિને વાલીઓ પણ માણી શકશે. વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસ માટે પોતે પણ કીમતી સલાહ સૂચન, કાળજી લઈ શકશે. આશા રાખું છુ કે શાળા અને વાલી વચ્ચેનો સેતું જીવંત રાખીને આપણે સૌ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં આપણી કાર્યકુશળતા સમર્પિત કરતાં રહીએ.

આભાર સહ





**માનનીય શ્રી. રાજેન્દ્ર ત્રિવેદીસરનો જન્મદિનની ઊજવણી**

ગુજરાત સરકારના સિનિયર કેબિનેટ મંત્રી અને વડોદરા રાવપુરા વિધાનસભાના લોકલડીલા ધારાસભ્યશ્રી રાજેંદ્ર ત્રિવેદી, દર વર્ષની જેમ આ વર્ષે પણ તા: 19 જૂન 2022ના રોજ પોતાનો જન્મ દિવસ અમારી શાળાના બધિર બાળકો સાથે બર્થડે કેક કાપીને ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો. પોતાના વિરાટ વ્યક્તિત્વને ખૂબ જ સહજ બનાવી બાળકો વચ્ચે મનભરી નાચ્યા હતાં. અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.







**વિશ્વ યોગ દિનની ઊજવણી-૨૦૨૨** શાળાના શિક્ષક ભાઈબહેનો અને બાળકો વિવિધ યોગાસનો અને પ્રાણાયામ કરી -વિશ્વ યોગ દિનની ઊજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.બાળકોને તેનાથી થતા લાભો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા .



૨૬ જુન ૨૦૨૨ ના રોજ **“આંતર રાષ્ટ્રીય માદક દ્રવ્ય નિષેધ દિન”** તરીકે ઊજવણી કરવામાં આવી. શાળાના બાળકોમાં આ અંગેની જાગરૂકતા લાવવા પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરી , દારૂ , તમાકુ, બીડી , સિગારેટ , વિવિધ માદક પદાર્થોના વ્યસનથી થતાં વ્યક્તિગત અને સામાજીક નુકશાન વિશે સમજણ આપવામાં આવી હતી.






**“મેડિકલ કેમ્પ”**

અમારી વિદ્યાલયમાં તા:૧૨/૦૭/૨૦૨૨ ના રોજ શાળાના બાળકો માટે મેડિકલ કેમ્પનું આયોજન દિપક ફાઉન્ડેશન (સેફલર ઈંડીયાના મોબાઈલ મેડેકલ રથ ) ના સૌજન્યથી કરવામાં આવેલ હતું. તજજ્ઞ ડૉક્ટરો દ્વારા શાળાના બાળકોનું જનરલ મેડીકલ ચેકઅપ, આંખની તપાસ, કાન-નાક-ગળાની તપાસ અને દાંતની તપાસ કરી જરૂરી દવાઓ અને ચશ્માનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું.







## “ વૃક્ષા રોપણ“

તા:૧૮/૦૭/૨૦૨૨ ના રોજ શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. “છોડમાં રણછોડ” , “ વૃક્ષમાં વાસુદેવ “ સૂત્રો આપણને વૃક્ષમાં ચૈતન્યનો સંદેશ આપે છે . આપણાં અને પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન માટે વૃક્ષો તરફ ઉપયોગીતાનો નહિ પણ ભક્તિમય દ્રષ્ટિકોણથી જોવાની જરૂરિયાત સમજાવવામાં આવી હતી. શાળાના બાળકોએ જુથ દીઠ ૨ છોડ એમ કુલ ૧૮ છોડનું શાળાના પ્રાંગણમાં વૃક્ષા રોપણ કરેલ હતું . શાળાના તમામ બાળકોએ અને સ્ટાફે કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.





## સ્કૂલ ડાયરી , નોટબુક વિતરણ

શાળાના બધિર બાળકોને સેફ્લર ઇંડીયા તરફથી વિનામૂલ્યે **STUDENT’S HAND BOOK** (સ્કુલ ડાયરી) અને વિવિધ દાતાઓના સૌજન્યથી જરૂરિયાત મુજબ બાળકોને નોટબુક વિતરણ અને ગૌરીવ્રત નિમિત્તે શાળાની તમામ કન્યાઓને ખાઉં વિતરણ કરવામાં આવ્યું હતું.



## “વિદ્યાર્થી જુથ રચના ” [ બુશુપૃ મંગુશ યુનેપ્લુ ]

શાળાના બાળકોમાં સંઘભાવના , નિખાલસતા, મદદરૂપ થવું , સહકાર વગેરેના ગુણો ખીલે અને નવું જ્ઞાન મેળવી શકે તે માટે શાળાના બાળકોના ૯ જુથની રચના સૂર્ય મંડળના ૯ ગ્રહો બુધ,શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરૂ, શનિ, યુરેનસ, નેપ્યુન,પ્લુટો નામથી કરવામાં આવેલ છે. સમગ્ર વર્ષ દરમિયાન બાળકોની જુથ પ્રવૃત્તિઓનું થતું રહેશે.



## “ ફ્લાવર્સ ડે ની ઉજવણી ”

શાળાના બાળવર્ગ વિભાગમાં તા: ૧૫/૦૭/૨૦૨૨ના રોજ “ ફ્લાવર્સ ડે”ની ઊજવણી કરવામાં આવી હતી. બાળવર્ગના શિક્ષકોએ પ્રવૃત્તિ દ્વારા ફૂલો વિશે સહજતાથી શિક્ષણ આપવા પ્રયત્ન કરેલ છે. બાળકોએ ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો.


## "બાળ સંસદ"









**બધીર શાળામાં બાળ સંસદની રચના**

મૂકધ્વની ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય, વડોદરા ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાળ સંસદની રચના કરવામાં આવી હતી. જેમાં હેડબોય તરીકે ખુમાણ ધ્રુવ, અને હેડ ગર્લ તરીકે કું. સુહાની ઠાકોરને વિજેતા જાહેર કરાયા હતા. ઉપરાંત ૧૬ વર્ગ પ્રતિનિધિઓને પણ ચૂંટવામાં આવેલ છે.




**મૂકધ્વનિ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી કમળાબેન બધિર વિધાલય, વડોદરા ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ માટે "બાળસંસદ"ની રચના સંદર્ભે ઈલેક્ટ્રોનિક માધ્યમથી (મોબાઈલ અને કમ્પ્યુટર વડે ) વિદ્યાર્થી સંઘની ચૂંટણી તા:૨૨/૦૭/૨૦૨૨ના રોજ શાળાના પ્રાર્થનાહોલમાં કરવા આવી હતી. જેમાં હેડબોય તરીકે ખુમાણ ધ્રુવ અને હેડગર્લ તરીકે કુ. સુહાની ઠાકોર વિજેતા બન્યા હતા.તેઓને શપથવિધિ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ હતો. આ સાથે ૧૬ વર્ગ પ્રતિનિધિઓ પણ ચૂંટવામાં આવ્યા હતા. ચૂંટણીમા ઉભેલ ઉમેદવારોએ પોતાનો ચૂંટણી પ્રચાર કરેલ અને શાળાના તમામ વિદ્યાર્થી મતદારોએ પોતાનો કિમતી મત આપી ચૂંટણી પ્રક્રિયામા ઉત્સાહપૂર્વક ભાગ લઈ ભારતની લોકશાહી શાસન વ્યવસ્થાની સમજણ મેળવી હતી.**







શાળામાં કેરમ, ચેસ, વોલીબોલ વગેરે રમતો શીખતા , રમતા , અને આનંદ મેળવતા નજરે ચડતા બાળકો .





Memory : Our school student's made RANGOLI

*********************************************** END ***********************************************